# ...સાહેબ આ બેંકવાળાને કોણ દંડશે..!!

## કોરોના સ્પ્રેડર બને તો નવાઈ નહીં મોડાસા શહેરની બેંક ઓફ બરોડા સહીતની બેંકમાં હકકડે ઠઠ ભીડ






મોડાસા, તા. ૧૪ અરવલ્લી જીલ્લામાં કોરોના સંક્રમણનો કહેર યથાવત છે, મોડાસા શહેરમાં કોરોનાનું સંક્રમણ સતત વધી રહ્યું છે, બેંકોમાં લોકોની અવર જવર વધારે રહેતી હોવાથી બેંકના કર્મચારીઓ કોરોનાગ્રસ્ત થઈ રહ્યા હોવાથી સુપરસ્પ્રેડર બને તેવું જોખમ રહેલું છે, બેંકોની અંદર અને બહાર સરકારી ગાઈડલાઈનના લીરેલીરા ઉડી રહ્યા છે, બેંકો જ સુપરસ્પ્રેડર બને તેવી ભીતી સેવાઈ રહી છે. મોડાસા શહેર સહીત જીલ્લામાં આવેલી મોટા ભાગની બેંકમાં વેન્ટીલેશનની સુવિધા પણ ન હોવાથી ગ્રાહકો અને બેંક કર્મચારીઓમાં કોરોના સંક્રમણ વધી રહ્યું છે. એક બાજુ સરકારે મેળા પર પ્રતિબંધ લગાવી દીધો છે ત્યારે બીજીબાજુ બેંકોમાં મેળા જેવો માહોલ જોવા મળી રહ્યો છે. વહીવટી તંત્ર અને પોલીસતંત્ર ગ્રાહકોના મેળા કરતી બેંકો સામે દંડાત્મક અને કાયદેસરની કાર્યવાહી ક્યારે કરશે તેવી ચર્ચા ચાલી રહી છે. ગ્રાહકો માટે યોગ્ય સુવિધા ઉભી કરી કોરોના સંક્રમણ ફેલાતું અટકાવવામાં નહિ આવે તો આગામી સમયમાં અરવલ્લી જીલ્લામાં કોરોનાનો વિસ્ફોટ થશે.

મોડાસા શહેરમાં આવેલી બેંક ઓફ બરોડામાં અન્ય બેંકો વિલિનીકરણ થયા પછી દરરોજ મેળા જેવો માહોલ પ્રવર્તી રહ્યો છે, બેંક બહાર ગ્રાહકોની ભીડ જોતા કોરોનાને આમંત્રણ આપી રહ્યા હોય તેવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. સોશ્યલ ડીસ્ટન્સના ધજાગરા ઉડી રહ્યા છે, ગ્રાહકોમાં પણ માસ્ક પહેર્યા વગર લાપરવાહ જણાઈ રહ્યા છે. બેંક ઓફ બરોડામાં બેંક મર્જ થતા વિદ્યાર્થીઓ પણ નવા ખાતા નંબર મેળવવા કતારમાં ઉભા રહી ગયા હતા. શહેરની મોટા ભાગની બેંકમાં કોરોના સંક્રમણને લઈને સરકારે જાહેર કરેલી ગાઈડલાઈનના ધજીયા ઉડી રહ્યા છે ત્યારે વહીવટી તંત્ર, આરોગ્યતંત્ર અને પોલીસતંત્ર પણ બેંક સામે ઘૂંટણીયે પડી ગઈ હોય તેવું લોકો અહેસાસ અનુભવી રહ્યા છે.

અરવલ્લી જીલ્લામાં કોરોનાથી લોકોના ટપોટપ મોત નીપજી રહ્યા છે. સતત લોકો કોરોનાગ્રસ્ત બની રહ્યા હોવા છતાં જાણે કોરોનાનો ડર ના રહ્યો તેમ લોકો સોશિયલ ડિસ્ટન્સનો ભંગ કરી ભીડ જમાવી રહ્યા છે. મોટા ભાગની બેંકોમાં અંદર અને બહાર ભીડ જોવા મળી રહી છે. લોકડાઉન બાદ છૂટછાટ દરમિયાન બેંકો બહાર અને અંદર સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા દોરેલ સર્કલ પણ ભૂંસાઈ ગયા છે. બેંકના કર્મચારીઓ સતત કોરોનામાં સપડાઈ રહ્યા હોવાની સાથે સુપર સ્પ્રેડર બની શકે છે. કેન્દ્ર સરકારની વિવિધ સહાયના રૂપિયા બેંકોમા જમા થતા લોકો રૂપિયા ઉપાડવા ધસારો કરતા હોવાથી બેંકો બહાર ભીડ ઉમટી રહી છે.

---

## ગુજરાતમાં સૌપ્રથમ જીરેનિયમની ખેતી કરી ડીસાના ભોયણના યુવાન ખેડૂતે અનોખી સિધ્ધિ મેળવી

### જીરેનિયમની ખેતી માટે સરકાર પણ પ્રોત્સાહન પુરૂ પડાય છે : શ્રીકાંતભાઇ પંચાલે ૭ વિઘા જમીનમાં જીરેનિયમ વાવી તેલની ઉપજ લીધી

ડીસા તાલુકાના ભોયણ ગામના યુવાન ખેડૂતે ઓછી જમીન અને ઓછા પાણીએ વધુ ઉપજ આપતી તેમજ ગુજરાતમાં સૌપ્રથમવાર જીરેનિયમ ની ખેતી કરી વધુ આવક મેળવવાની અનોખી સિધ્ધિ હાંસલ કરી છે.



બનાસકાંઠા જીલ્લાનાં ખેડૂતો હવે ચિલાચાલુ ખેતી છોડીને જીરેનિયમ જેવા સુગંધિત નવા પાકો તરફ વળ્યા છે. જીરેનિયમ તેલની આંતરરાષ્ટ્રીય બજારમાં ખુબ જ માંગ જોવા મળી રહી છે. આમ તો જીરેનિયમ ની ખેતી પંજાબ, હરિયાણા, મહારાષ્ટ્ર, તામિલનાડુ, હિમાચલ પ્રદેશ જેવા રાજ્યોમાં થાય છે. ડીસા તાલુકાના ભોયણ ગામના ૩૦ વર્ષીય શ્રીકાંતભાઈ પંચાલે ગ્રેજયુએટ સુધીનો અભ્યાસ કરેલો છે અને હાલમાં ધંધાર્થે મુંબઈમાં ફેબ્રીકેશન નો વર્કશોપ ધરાવે છે પરંતુ સાથી મિત્રની પ્રેરણા થી વર્ષ ૨૦૧૯ માં પોણા બે વિઘા જમીનમાં ૧૦ હજાર રોપા નું વાવેતર કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ ચાલુ વર્ષે લોકડાઉન માં સમય મળતાં જાતે જ રોપા તૈયાર કરીને વધુ ૪૦ હજાર જીરેનિયમ ના છોડ વાવવામાં આવ્યાં છે. વાવેતર ના ત્રણ મહિના જેટલાં સમયમાં જ ઉત્પાદન શરૂ થઈ જાય છે. જીરેનીયમ નો ઉપયોગ કોસ્મેટિક, સુગંધીત તેમજ ઔષધીય બનાવટોમાં થાય છે. જીરેનીયમ તેલનું વેચાણ મુંબઈની કંપનીને ૧૨ થી ૧૪ હજાર રૂપિયા લીટરના ભાવે કરવામાં આવે છે. તેઓએ ૭ વીઘામાં પાકનું વાવેતર કરેલ છે અને ડીસ્ટિલેશન યુનિટ પણ ઉભુ કરેલ છે.

જેના દ્વારા જીરેનીયમનું તેલ કાઢિ શકાય છે. આ પાકની દર ૩ થી ૪ મહીને કાપણી થાય છે અને ત્યાર બાદ એમાંથી તેલ કાઢવામાં આવે છે. અત્યાર સુધી બે વિઘા જમીનમાંથી ૪.૫૦ લાખ ની આવક મેળવેલ છે.

આ અંગે શ્રીકાંતભાઈ પંચાલે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર દ્વારા જીરેનિયમ ની ખેતી ને "એરોમા મિશન" હેઠળ આવરી લીધી છે. જેથી આ ખેતીના વાવેતર, ઉત્પાદન અને પ્રોસેસિંગ પ્લાન્ટ ઉભો કરવા માટે પણ સરકાર સબસીડી સ્વરૂપે મદદરૂપ બની રહી છે. સૌપ્રથમવાર ગુજરાત માં એની ખેતી ડીસા તાલુકામાં કરવામાં આવી છે. જીરેનીયમ એક સુગંધિત પાક છે. આપણા વિસ્તારના ખેડૂતો માટે એક નવો પર્યાય તરીકે આ પાક ઉભો થઇ ગયો છે. આવા પાકોની ખેતી કરીને ખેડૂતો અન્ય પાકોની સરખામણીમાં વધારે આવક મેળવી શકાય છે.



આ અંગે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ડીસાના ડૉ. યોગેશ પવારે જણાવ્યું હતું કે, વધતી જતી મોઘવારીના સમયમાં ઉત્સાહી ખેડૂતો એ હવે આધુનિક ખેતી તરફ વળવું પડશે. જીરેનિયમ જેવો પાક ઓછી જમીન અને ઓછા પાણીએ પણ વધુ આવક રળી આપે છે. ભોયણના ખેડૂતે સૌપ્રથમ વખત જીરેનિયમ વાવીને પણ સારી એવી સફળતા મેળવી છે. જેથી ખેડૂતોએ પણ શ્રીકાંતભાઈ પંચાલ પરથી પ્રેરણા લેવી જોઈએ.

---

## કોરોના પોઝેટીવ દારૂના આરોપીનું સંક્રમણ ૪ પોલીસકર્મીઓમાં ફેલાયું

### શામળાજી પોલીસ સ્ટેશનના ૪ કર્મીઓ કોરોનાગ્રસ્તથી ફફડાટ




શામળાજી, તા. ૧૪ અરવલ્લી જીલ્લા પોલીસતંત્રમાં ફરજ બજાવતા અનેક અધિકારીઓ અને કર્મચારીઓ કોરોનાનો શિકાર બની રહ્યા છે, પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ ફ્રન્ટલાઈન વોરિયર્સ હોવાથી લોકોના અને કોરોનાગ્રસ્ત આરોપીઓના સંપર્કમાં સીધા આવતા હોવાથી કોરોના સંક્રમીત બની રહ્યા છે. શામળાજી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા ૪ પોલીસકર્મીઓ એક સાથે કોરોનાગ્રસ્ત થતા હોમઆઈસોલેટ થયા છે. શામળાજી પોલીસસ્ટેશનમાં ફરજ બજાવતા અન્ય કર્મચારીઓમાં ફફડાટ ફેલાયો છે આરોગ્યતંત્રએ તકેદારીના ભાગરૂપે સર્વેની કામગીરી હાથ ધરી પોલીસકર્મીઓના રેપીડ ટેસ્ટ કરવા તજવીજ હાથ ધરી હોવાની માહીતી આરોગ્ય સૂત્રો પાસેથી પ્રાપ્ત થઈ હતી.

શામળાજી પોલીસે થોડા સમય અગાઉ પ્રોહીબીશનના ગુન્હામાં એક આરોપીની ધરપકડ કરી હતી તેનો કોવીડ-૧૯ ટેસ્ટ પોઝેટીવ આવતા તેના સીધા સંપર્કમાં આવેલા પોલીસકર્મીઓના રેપિડ ટેસ્ટ કરવામાં આવતા ૪ પોલીસ કોન્સ્ટેબલના રેપિડ ટેસ્ટ પોઝેટીવ આવતા આરોગ્ય વિભાગે હોમ આઈસોલેટ કરી પોલીસકર્મીઓની સઘન સારવાર હાથ ધરી હતી. શામળાજી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓમાં ચિંતાની લકીરો તણાઈ હતી. જીલ્લા પોલીસતંત્રમાં કોરોનાનું સંક્રમણ સતત વધી રહ્યું હોવાથી પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓમાં ફફડાટ ફેલાયો છે.

---

## ધાનેરા પંથકમાં જીપની ટકકરથી બાઈકચાલકનું મોત

ધાનેરા પંથકમાં માર્ગ અકસ્માતની ઘટનામાં એક યુવકનું ઘટનાસ્થળે જ કરૂણ મોત થયુ છે. આજે સવારે બાઈક અને જીપ વચ્ચે અકસ્માત સર્જાયો હોવાનું સામે આવ્યુ છે. આ તરફ અકસ્માત એટલો બધો ભયંકર હતો કે, બાઈક સવાર યુવકનું ઘટના સ્થળે જ કરૂણ મોત થયુ છે. માર્ગ અકસ્માતને લઈ સ્થાનિકો સહિત આસપાસના લોકો એકઠાં થઈ ગયા હતા.

બનાસકાંઠા જીલ્લાના ધાનેરા શહેરના નેનાવા રોડ પર માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે. સવારના સમયે ધાનેરા તાલુકાના શેરગઢ ગામના ખેમાભાઈ બાઈક લઈને પસાર થતાં હતા. આ દરમ્યાન સામેથી આવતી જીપ અને બાઈક વચ્ચે ટક્કર થતાં અકસ્માત સર્જાયો હતો. અકસ્માતની ઘટનામાં ખેમાભાઈનું ઘટના સ્થળે જ કરૂણ મોત થતાં ચકચાર મચી ગઈ છે.



અરવલ્લી જિલ્લા ભાજપા કાર્યાલય, મોડાસા ખાતે મોડાસા શહેર, બાયડ શહેર અને માલપુર તાલુકાના નવનિયુક્ત પ્રમુખ-મહામંત્રીની બેઠક યોજાઇ. બેઠકમાં જિલ્લા ભાજપા પ્રમુખ રાજેન્દ્રભાઈ પટેલ, મહામંત્રી શૈલેષભાઈ ભોઈ, ભીખાજી ઠાકોર, હીરાજી ડામોર, બાબુભાઈ પટેલની સહ ઉપસ્થીતિમાં નવનિયુક્ત હોદ્દેદારોને અને આગામી દિવસોમાં પેઝ સમીતિઓ બનાવવા માર્ગદર્શન આપવામાં આવ્યું.

## મહેસાણામાં યોજાયેલ ઈ-લોક અદાલતમાં કેસોનો નિકાલ

જિલ્લા ન્યાયાધીશ પી.જી. ગોકાણી અને કાનૂની સેવા સત્તા મંડળના માર્ગદર્શન અનુસાર જિલ્લાકક્ષાએ અને તાલુકાકક્ષાએ પ્રથમવાર ઈ-લોક અદાલતનું આયોજન થયું હતું. અદાલતમાં સમાધાન પાત્ર ફોજદારી કેસો, મોટક એકસીડન્ટ કલેઈમ પીટીશન, નેગોશીયેબલ ઈન્સ્ટ્રૂમેન્ટ એક્ટની કલમ-૧૩૮ના ચેક રીટર્ન કેસો, દેવા વસુલાતને લગતા દિવાની તકરારના કેસો તેમજ અન્ય પ્રકારના સમાધાનલાયક કેસોનો નિકાલ કરવામાં આવેલ છે.

---

## કૃષિ કાયદા રદ કરવા માલધારી વિકાસ સંગઠન બનાસકાંઠા દ્વારા માંગ કરાઈ

કેન્દ્ર સરકાર દ્વારા બનાવવામાં આવેલ કૃષિ કાયદાનો દેશભરમાં વિરોધ થઈ રહ્યો છે. ત્યારે સોમવારે માલધારી વિકાસ સંગઠન બનાસકાંઠા દ્વારા વિરોધ નોધાવવામા આવ્યો હતો.

કેન્દ્રની એનડીએ સરકાર દ્વારા નવિન કૃષિ બિલ બનાવવામાં આવ્યાં છે. ત્યારે નવા બનાવેલ કૃષિ કાયદા ખેડૂત, ખેતી અને દેશને નુકશાનકારક હોવાના આક્ષેપ સાથે દેશભરમાં ખેડૂતો વિરોધ કરી રહ્યાં છે. ત્યારે સોમવારે ડીસા મામલતદાર કચેરી ખાતે માલધારી વિકાસ સંગઠન બનાસકાંઠાના યુવા અગ્રણી તેજાભાઈ દેસાઈ (ગોઢા) સહિત યુવાનોએ આવેદનપત્ર આપી કૃષિ કાયદો રદ કરવા માંગ કરવામાં આવી છે. આ અંગે તેજાભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, "કેન્દ્ર સરકાર દ્વારા ખેડૂતોની બરબાદી માટે ત્રણ કાયદા લાવવામાં આવેલ છે તે તાત્કાલીક રદ કરવા જોઈએ.

### મોંઘવારી દર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દીધી. આ સમયગાળા દરમિયાન, ખાદ્ય ફુગાવાનો દર ૩.૯૪ ટકા હતો, જે ઓક્ટોબરમાં ૬.૩૭ ટકા હતો. શાકભાજી અને બટાટાના ભાવ અનુક્રમે ૧૨.૨૪ ટકા અને ૧૧૫.૧૨ ટકા વધારે હતા. ખાદ્ય ચીજો ન હોય તેવો ફુગાવો દર પણ ૮.૪૩ ટકાના ઉચ્ચ સ્તરે રહ્યા.

આ સમયગાળા દરમિયાન ઈંધણ અને વીજળીનો ફુગાવો ઋણાત્મક ૯.૮૭ ટકા હતો. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે સોમવારે જણાવ્યું હતું કે નવેમ્બર ૨૦૨૦ માં માસિક જથ્થાબંધ ભાવાંક પર આધારિત ફુગાવો ૧.૫૫ ટકા હતો. એક વર્ષ અગાઉ સમાન ગાળામાં તે ૦.૫૮ ટકા હતો તેવું જાણવા મળ્યું છે.

તહેવારોની સિઝનમાં ઉત્પાદિત ચીજવસ્તુઓના ભાવમાં વધારાને કારણે જથ્થાબંધ ફુગાવામાં આ વધારો નોંધવામાં આવ્યો છે. નવેમ્બરમાં નવ મહિનાની ઉંચી સપાટીએ ફુગાવા દર પહોંચી ગયો છે. ફેબ્રુઆરી ૨૦૨૦ પછીના જથ્થાબંધ ભાવો આધારિત ફુગાવાનો આ ઉચ્ચતમ સ્તર છે.

જો કે ખાદ્ય ચીજોમાં મોંઘવારી ઓછી થઈ. નવેમ્બર ૨૦૨૦માં આ મોંઘવારી દર ૩.૯૪ ટકા નોંધાયો હતો. મોંઘવારી દર ઓક્ટોબર ૨૦૨૦માં ૬.૩૭ ટકા હતો.

### દંડ ફટકાર્યો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માર્ગ સુધારણા તેમજ નવીન ઈમારતોના નિર્માણ સહીતના કામો અન્વયે નગરને સ્માર્ટ બનાવાની ઉતાવળમાં હરિયાળીનો સોથ વળી રહ્યો છે. ત્યારે હરિયાળીના ભોગે વિકાસ ન થાય તેવા સુર સાથે પર્યાવરણ પ્રેમીઓ પણ હવે જાગૃત બન્યા છે. સેકટરોમાં નવા રોપા ઉછેરવા માટે પણ યુવાનો જાગૃત બન્યા છે. ત્યારે તોતિંગ વૃક્ષોની બિનજરૂરી કટોતી કરવાની હરકત સેકટરવાસીઓમાં પણ રોષનુ કારણ બની છે.

### દબાણો દૂર કર્યા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દુર કરાયા હતા. જયારે આ જમીન ખુલ્લી થયા બાદ આગામી દિવસોમાં ખાસ પ્રકારનુ પ્લાન્ટેશન પણ કરવામાં આવશે. જયારે આ વિસ્તારમાં ફરી દબાણો અસ્તિત્વમાં ન આવે તે માટે વિશેષ તકેદારી પણ રાખવામાં આવશે. શહેરમાં વધતા દબાણો દુર કરવા માટે વનતંત્ર કામે લાગ્યુ છે. ત્યારે માર્ગ મકાન વિભાગ અને કોર્પોરેશન પણ કામે લાગી શહેરમાં વધતા દબાણો દુર કરવા માટે અભિયાન હાથ ધરે તે અનિવાર્ય હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે.

### કકળાટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હોવાનો સુર ઉઠવા પામ્યો છે. સેકટરવાસીઓ સવારે પાણી ફોર્સથી ન આવતુ હોવાની ફરિયાદ કરી રહ્યા છે. સવારે પાણીનો ફોર્સ ઘટતા ટાંકી પણ પુરી ભરાતી નથી જયારે સાંજ થતા ટાંકી ખાલી થઈ જાય છે. શહેરના સે-૨ , સે-૩ અને સે-૪ માં પાણી ફોર્સથી ન આવતુ હોવાને કકળાટ ઉઠવા પામ્યો છે. શિયાળાની ઠંડીના દિવસોમાં પાણીનો વપરાશ ઘટે છે. જયારે સેકટરોમાં પણ સપ્લાય થતા પાણી મુજબ નાગરિકોની જરૂરિયાત સંતોષાઈ છે. આમછતા હાલના ઠંડીના દિવસોમાં પાણી ફોર્સથી ન આવતુ હોવાની બુમ ઉઠવા પામી છે. ત્યારે તંત્રએ પણ આ મામલે યોગ્ય તપાસ કરીને જરૂરી પગલા લેવાની અનિવાર્યતા છે.

### ૨૬ કેસ નોંધાયા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આજે સે. ૧૭ માં ૩ કેસ ઉપરાંત સે, ૮, ૧૪, ૭ અને સે. ૨ માં ૨-૨ કેસ તેમજ સે. ૧૬, ૫, ૨૨, ૨૯, ૨૪, ૩, ૪ અને સે. ૨૭ માંથી પણ કેસ મળી આવેલ છે.

શહેરમાં ૨૨૦ થી વધુ દર્દીઓ હાલ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. શહેરમાં રિકવરી રેટ ૮૮ ટકા જેટલો નોંધાયો છે. જે એક સારી નિશાની છે અને તંત્રને થોડીક રાહત જરૂર છે. પરંતુ મહિલાઓ અને મોટીવયના લોકો જે રીતે સંક્રમિત થઈ રહ્યા છે તેથી તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે વધુ ૨૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં ૧૯૦ થી વધુ કન્ટેનમેન્ટ ઝોનમાં ૧૩ હજારથી વધુ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

### તંત્ર દ્વારા સીલ ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતી. ફાયર વિભાગની ટીમે કાર્યવાહી શરુ કરતા જ વેપારીઓમાં ફફળાટ ફેલાઈ ગયો હતો. બિલ્ડીંગ નીચે મોટીસંખ્યામાં વેપારીઓ મોટીમાત્રામાં એકઠા થઈ ગયા હતા. તંત્રની કાર્યવાહીને રોક લગાવવા મુદ્દે પણ ઉચ્ચકક્ષાએથી પ્રયાસ થયા હતા. સીંલીગ કાર્યવાહી કરતા અધિકારીઓના ફોન સતત રણકી રહ્યા હતા. છતા પણ તંત્ર દ્વારા કાર્યવાહી યથાવત રહેતા વેપારીઓએ હથીયાર હેઠા મુકી દીધા હતા.

ત્યારે ચીફ ફાયર ઓફિસર મહેશ મોડ અને તેમની ટીમ દ્વારા અભિષેક બિલ્ડીંગમાં ૪૨ દુકાનો અને ૪૩ ઓફિસને સીંલીગની કાર્યવાહી કરવામાં આવી હતી. જયારે હવેલી આર્કેડ બિલ્ડીંગ પાસે પણ ફાયર એનઓસી ન હોવાથી બિલ્ડીંગમાં આવેલી ૧૭ ઓફિસ, ૧ રીંડીગ લાયબ્રેરી અને એક જીમમાં પણ સીંલીગની કાર્યવાહી કરવામાં આવી હતી. ત્યારે સેકટર-૧૧ ખાતે આવેલી વાણીજય ઈમારતોમાં ફાયર સેફટી મુદ્દે તંત્ર દ્વારા કાર્યવાહી કરાઈ હતી. સેકટર-૧૧ ખાતે આવેલી ઈમારતોમાં ફાયર સેફટીનો અભાવ જોવા મળી રહ્યો હતો. ફાયર વિભાગ દ્વારા નોટીસ પણ અપાઈ હતી. જયારે ફાયર સેફટીના સાધનો કાર્યરત હશે અને ફાયર એનઓસી હશે તો જ ઓફિસ તેમજ દુકાનોને સીલ ખોલવામાં આવશે.

જયારે આગામી સમયમાં પણ ફાયર એનઓસી વિના ધમધમતા એકમો પર ફાયર વિભાગ દ્વારા સીલીંગની ઝુંબેશ કાર્યરત રહેશે. શહેરમાં દિવસ દરમિયાન તંત્ર દ્વારા સીંલીગની કાર્યવાહીનો મુદ્દો ચર્ચાના સ્થાને રહ્યો હતો. જયારે ફાયર ટીમ દ્વારા દિવસ દરમિયાન સતત સીંલીગ કામગીરી શરુ જોતા તંત્ર પણ એકશન મોડમાં આવી ગયું હોય તેમ લાગી રહ્યું છે.

---

## મોડાસા રૂરલ પોલીસે નાની બોરડી ગામે ખુલ્લા ખેતરમાં જુગાર રમતા ૧ સગીર સહીત ચાર શકુનિઓને દબોચ્યા



મોડાસા, તા. ૧૪ અરવલ્લી જીલ્લા એસપી સંજય ખરાત અને ડીવાયએસપી ભરત બસીયાની કડક કાર્યવાહીના પગલે જીલ્લામાં ચાલતા જુગારધામ અને વરલી મટકાના સ્ટેન્ડના પાટીયા પડી ગયા છે, ત્યારે હવે જુગારીઓ જુગારની લતને સંતોષવા ગ્રામ્ય વિસ્તારોના ખેતરો અને ખુલ્લી જગ્યામાં જુગારની બદીએ માજા મૂકી છે. મોડાસા રૂરલ પોલીસે નાની બોરડી ગામે રાજુ ઉર્ફે બેરો ખાંટના ખેતરમાંથી જુગાર રમતા એક સગીર સહીત ૪ જુગારીઓને દબોચી લઈ ૩૫ હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસા રૂરલ પીઆઈ એસ.એન. પટેલ અને તેમની ટીમે ગ્રામ્ય વિસ્તારોમાં ચાલતી જુગાર દારૂની સહીતની ગેરકાયદેસર પ્રવૃતિઓને ડામવા સઘન પેટ્રોલીંગ હાથ ધર્યું હતું ત્યારે નાની બોરડી ગામે રાજુ ઉર્ફે બેરો વાઘાભાઈ ખાંટના ખેતરમાં આવેલ ઝૂંપડાની પાછળ જુગારીઓ હારજીતની બાજી લગાવી બેઠા હોવાની બાતમી મળતા તાબડતોડ રેડ કરતા જુગાર રમતો એક સગીર પણ મળી આવતા પોલીસ ચોકી ઉઠી હતી. પોલીસ રેડ જોઈ મોડાસાનો એક શકુની થાપ આપી નાસી છૂટ્યો હતો. મોડાસા રૂરલ પોલીસે હારજીતની બાજીમાં અને શકુનિઓ પાસેથી રૂ. ૫૭૬૦ રોકડ રકમ જપ્ત કરી રાજુ ઉર્ફે બેરો વાઘાભાઈ ખાંટ તથા અબ્દુલકાદર બાદરમિયા જમાદાર, ફારૂક યુસુફભાઈ ચૌહાણ (બંને રહે. કસ્બા, મોડાસા) અને એક સગીરને ઝડપી પાડી જુગાર સ્થળેથી મળી આવેલ વાહન નંગ-૨ મળી કુલ રૂ. ૩૫૭૬૦નો મુદ્દામાલ જપ્ત કરી પોલીસ રેડ જોઈ ફરાર થઇ ગયેલા સાબીરમીયા ઐયુબમિયાં સીંધી (રહે. કીડીયાદ સોસાયટી, મોડાસા) વિરુદ્ધ જુગારધારા કલમ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

## બોલુન્દ્રા શ્રી કૃષ્ણાશ્રમ સંસ્કૃત વૈદિક પાઠશાળા પરીવાર દ્વારા જરૂરીયાતમંદોને ગરમ કપડાં, સાડીઓનું વિતરણ

બોલુન્દ્રા શ્રી કૃષ્ણાશ્રમ સંસ્કૃત વૈદિક પાઠશાળા પરીવાર ધ્વારા જરૂરીયાતમંદોને ગરમ કપડાં, સાડીઓનું વિતરણ કરાયું હતું. ૧૦૦ થી વધુ જરૂરીયાતમંદ પરીવારોમાં આનંદની લાગણી પ્રસરી હતી. સંસ્કૃત વૈદિક પાઠશાળા, અન્નક્ષેત્ર સહિતની સેવાકીય પ્રવૃત્તિઓ શરૂ છે. તહેવારોની સાથો શિયાળાની કડકડતી ઠંડીમાં જરૂરીયાતમંદોને રક્ષણ મળી રહે તેવા આશયથી જાહાન્વીબેન આત્રેયભાઈ અગ્નિહોત્રી ધ્વારા જરૂરીયામંદોને જેકેટ, ધાબળા, ગરમ કપડાં, સાડીઓનું વિતરણ કરાયું હતું.